GANDHINAGAR BUILDERS' ASSOCIATION

SINCE 1992
BUILDER'S FORUM

Office : 305, Shreenath Complex, Plot : 292, Sector-22,
Gandhinagar - 382022 **Ph. : (0) 23241151** email : gnrbuilder@yahoo.co.in



(૨) ગાંધીનગર શહેરમાં અને આસપાસના વિસ્તારોમાં એન્જીનીયરીંગ ઈન્સ્ટીટ્યુટ, લોયુનિવર્સિટી, પેટ્રોલીયમ યુનિવર્સિટી તેમજ કડી સર્વ વિદ્યાલય જેવા મોટા શૈક્ષણિક સંકુલોને કારણે સમગ્ર ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાંથી શિક્ષણ માટે મોટી સંખ્યામાં લોકો ગાંધીનગર શહેરમાં આવે છે તેથી રહેણાંકની માંગ ખુબ જ વધી ગયેલ છે. છેલ્લા ૭ (સાત) વર્ષથી ગાંધીનગરમાં રહેણાંક પ્લોટોની હરાજી થયેલ નથી. જેથી મકાનો ખુબ જ મોંઘા બને છે. ગાંધીનગર શહેરના ટાઉન પ્લાનીંગના આયોજન પ્રમાણે સેક્ટર : ૨૨, ૨૩, ૨૧, ૨૦ જેવા દરેક સેકટરોમાં એપાર્ટમેન્ટ માટેના પ્લોટોનું આયોજન અગાઉથી થયેલ જ છે. પરંતુ આજ દીન સુધી એપાર્ટમેન્ટ માટેના અલગ પ્લોટોની હારાજી થયેલ નથી. જેથી બિલ્ડર નાના પ્લોટોમાં ફ્લેટ, એપાર્ટમેન્ટ બાંધે છે. એને તેથી મકાન પણ મોંઘા બને છે. પાર્કીંગ વ્યવસ્થા નબળી બને છે અને ગ્રાહકને સંતોષ થતો નથી. તેવી જ પરિસ્થિતિ વાણીજ્ય સંકુલોમાં પણ છે. આથી અમારી આપશ્રીને નમ્ર વિનંતી છે કે એપાર્ટમેન્ટ માટેના પ્લોટો અને વાણિજ્ય સંકુલો માટેના પ્લોટોની હરાજી સરકારશ્રી દ્વારા ઝડપથી કરવામાં આવે. (પ્લાન કરીને સે.૧૨, વાણિજ્ય સંકુલોના પ્લોટ)

(૩) અમારી જાણ પ્રમાણે ગાંધીનગર શહેરમાં ખુલ્લી વપરાશમાં લઈ શકાય તેવી ૨,૭૦,૦૦૦ ચો.મી. જમીન ઉપલબ્ધ છે. વળી ચરેડી, જી.ઈ.બી, સેક્ટર-૧૩ જેવા સ્થળે મોટા પાયે થયેલ અનધિકૃત ઝુપડપટ્ટીને લીધે પણ સારી એવી કીંમતી જમીન રોકાયેલી છે. શરૂઆતમાં ગાંધીનગર શહેરને એક ગાર્ડન સીટી બનાવવાના સ્વપ્ન સાથે શહેરના જૂના સેક્ટરોનાં થયેલ સરકારી કર્મચારી માટેના રહેણાંકોમાં પણ માત્ર બે માળના મકાનો અને વધુ પડતી ખુલ્લી જમીન છે. વધુમાં માહિતી પ્રમાણે આશરે ૧૫૦૦ થી ૧૮૦૦ સરકારી રહેઠાણો વર્ષો જુના અને રહેવા માટે જોખમી હોવાથી પડતર છે. જુના સેક્ટરોમાં ૪૦ વર્ષ પછી કેટલાક મકાનો ભયગ્રસ્ત હોઈ પાડી નાખવાને જરૂરી છે, આ સમગ્ર હકીકત આપશ્રી અને સરકારથી અજાણ નથી.

ઉપરોક્ત વિષયે અને હયાત પરિસ્થિતિને લક્ષમાં લઈ જ્યારે ઉપલબ્ધ સરકાર હસ્તક જમીનના ભાવ ખુબ જ ઉંચા છે ત્યારે ભોંયતળીયા ઉપરાંત ચાર માળ, તેમજ હાઈ રાઈઝ ફ્લેટના મકાનો એ જરૂરિયાત માત્ર નથી પણ આર્થિક રીતે આયોજનની દ્દષ્ટિએ ઉચિત છે. તેથી કેટલાંક સુચનો આપશ્રી સાથે ચિંતન માટે રજુ કરીએ છીએ.

(અ) ઉપલબ્ધ સરકારી રહેણાંક જમીન તેમજ વ્યાપારી સંકુલ માટેની જમીનની હરાજી વહેલી તકે કરવી અને તેમ ટે હાઈ રાઈઝ મકાનો બાંધવાના નિયમો બનાવવા.